# ફિલ્મી રુદન: રોતે રોતે હંસના સીખો, 'હિટ' હો જાના ભી



**સંગત સિતારોં કી**
★ સંજય છેલ

બોલિવૂડમાં લેખક-નિર્દેશક બનતા પહેલાં, હું 1990ના દાયકામાં આસિસ્ટંટ ડિરેક્ટર હતો ત્યારે એક વાર નિર્માતા-નિર્દેશક સાથે 'ભીગી પલકેં' જેવી હિટ ફિલ્મના બંગાળી લેખક શિશિર મિશ્રની સ્ક્રિપ્ટ સાંભળવા ગયેલો. ત્યારે મિશ્રાજી કરૂણ વાર્તા સંભળાવતા સંભળાવતા એટલા ઈમોશનલ થઈ ગયેલા કે ઇંટરવલ પોઇંટ પર હીરો-હીરોઈન વચ્ચે છૂટા પડવાની વાત કરીને, પોતે પોક મૂકી રડી પડ્યા અને ચશ્મા ઉતારીને ટેબલ પર પછાડ્યા, જે ભાંગીને ભુક્કો થઈ ગયા! મારા પણ રુંવાડાં ઊભાં થઈ ગયેલાં...પણ એટલામાં જ મિશ્રાજીએ ખિસ્સામાંથી બીજા ચશ્મા કાઢીને પહેર્યાને આગળ સ્ક્રીપ્ટ સંભળાવી, જાણે કંઈ બન્યું જ ના હોય એમ. ત્યારે સમજાયું કે એમનું રુદન તો પટકથા વેચવાનું માત્ર નાટક હતું.

અમેરિકાના બ્રોડ-વે રંગમંચ પર અંગ્રેજી નાટકના છેલ્લા દ્રશ્યમાં, અભિનેતા દિલ ફાડીને એટલું રડ્યો કે આખું ઓડિયંસ રડી પડ્યું ને તાળીઓથી એને વધાવી લીધો. શો પછી નિર્માતાએ શાબાશી આપીને કહ્યું, "દરેક શોમાં આવો જ રડાવાનો અભિનય કરજે તો નાટક હિટ!"

એક્ટરે ભડકીને કહ્યું, "અરે, એ અભિનય નહોતો પણ સ્ટેજ પર મારા પગમાં ખીલી ઘૂસી ગયેલી એટલે અસહ્ય દર્દથી રડતો હતો."

નિર્માતાએ ઠંડકથી કહ્યું, "વાંધો નહીં. આપણે દરેક શોમાં સ્ટેજ પર ૮-૧૦ ખીલીઓ મૂકી દઈશું!"

૧૯૬૦-૭૦ના દાયકામાં સંજીવકુમાર, રાજેશ ખન્ના કે અમજદ ખાન જેવા ત્યારના ઊગતા કલાકારો મુંબઈની આંતરકોલેજ નાટ્યસ્પર્ધામાં ભાગ લેતા. એ એકાંકી નાટકોમાં થાકેલો-હારેલો-બેકાર હિરો બહારથી પ્રવેશે, બૂઢી મા એના હાલ પૂછે, હિરો માટલામાંથી ગ્લાસ વડે પાણી કાઢીને પીવે ને પછી કરૂણ નાટક ભજવાય. ધૂંધવાયેલા બેકાર યુવાન અને વિધવા માતા વચ્ચે ખૂબ રોતલ દ્રશ્યો ભજવાય અને આવાં નાટકો દર વરસે અચૂક ઈનામ પણ જીતી જાય. આવાં નાટકોની ફોર્મ્યુલા માટે લોકોએ નામ પાડેલું: 'મા-માટલાં ને ખાટલાં' માતા, ગરીબી કે સંઘર્ષ એ બધાં કમાલનાં ઈમોશનલ તત્ત્વો છે. તમે તમારી માની વાત કરો અને સામેવાળો પોતાની માને યાદ કરીને રડી પડે. રડતો માણસ આપણને આપણા જેવો લાગે છે કારણ કે દરેક માણસ ક્યારેક તો રડે જ છે. વળી આ દેશમાં નેતાઓ તો શું પણ દેવતાઓ પણ માતાના પ્રેમ સામે રડી પડેલાં તો એક અભિનેતા શું ચીજ છે? જો કે બધાને રુદન વેચતા નથી આવડતું. દેવાનંદ જ્યારે ફિલ્મોમાં રડતાં ત્યારે પ્રેક્ષકો હસવા માંડતા ને અને પ્રોડયુસરે રડવું પડતું પણ દિલીપકુમાર જો પડદા પર રડે તો નિર્માતા હસતા મોઢે બોક્સ ઓફિસ પર લાખો કમાઈને બેંક તરફ હડી કાઢતા. ક્યારેક થાય કે રાજેન્દ્રકુમાર, આલોકનાથ, એ.કે. હંગલ જેવા કલાકારો નકલી આંસુ લાવવા ગ્લીસરીન નામનું કેમિકલ ઘરેથી લઈને જ શૂટીંગમાં જતા હશે. મીનાકુમારી, જયા ભાદુરી, રાખી, નિરુપા રોય, ઉર્મિલા ભટ્ટ અને નૂતન જેવી અભિનેત્રીઓ પડદા પર જેટલું રડી છે એટલો તો ચેરાપુંજીમાં વરસાદ પણ નહીં આવતો હોય. જો કે અગાઉ સૌથી સહજ અને સફળ કરુણ દ્રશ્યો દિલીપકુમાર, સંજીવકુમાર, બલરાજ સહાની કે રાજ કપૂર, રાજેશ ખન્ના, અમિતાભ બચ્ચન, ઉત્તમકુમાર, કમલ હાસન બહુ સરસ રીતે કરી શકતા અને લોકોનાં દિલ જીતી લેતાં.

ઘણી વાર રડવા પાછળ કોમેડી પણ છુપાયેલી હોય છે. અમારી મિત્ર અભિનેત્રી તબ્બુને જ્યારે 'બાગબાન' ફિલ્મની સ્ક્રીપ્ટ નિર્દેશક રવિ ચોપડાએ સંભળાવી ત્યારે એ વાર્તા સાંભળીને ખૂબ રડી. નિર્દેશકને થયું કે કરૂણ વાર્તા સાંભળીને એ રડી રહી છે પણ તબ્બુએ કહ્યું, "મને રડવું એટલે આવે છે કે તમે મને બાપની ઉંમરના બચ્ચનની પત્નીનો રોલ ઓફર કર્યો! હું શું એટલી ઘરડી લાગું છું તમને?" માટે કોણ, કોના માટે ક્યારે અને શા માટે રડે એનું કાંઈ કહેવાય નહીં, પછી એ નેતા હોય કે અભિનેતા. 1962માં ચીન યુદ્ધ પછી લતા મંગેશકરે મુંબઈની એક જાહેર સભામાં હજારોની હાજરીમાં 'અય મેરે વતન કે લોગો ઝરા આંખ મેં ભર લો પાની' જેવું કવિ પ્રદીપજીનું હૃદયસ્પર્શી ગીત સ્ટેજ પર ગાયેલું ત્યારે વડા પ્રધાન નેહરૂજીને રડવું આવી ગયેલું.

એક જમાનામાં મુંબઈમાં કરૂણ ગુજરાતી નાટકોની જાહેરાતોમાં ખાસ લખવામાં આવતું: 'પ્રેક્ષકોએ રૂમાલ સાથે લઈને આવવું!' ત્યારે લોકો પૈસા આપીને પણ રડવા જતા. ખરેખર, કવિતા-વાર્તા-નાટક-ફિલ્મોમાં રુદનથી મોટું શસ્ત્ર કોઈ નથી. એ તમને રાતોરાત સફળતા અપાવી શકે છે. મા પરનાં કરૂણ કાવ્યો, વાર્તાઓ, નવલકથાઓથી લાઈબ્રેરીઓ ફાટફાટ થાય છે! ભાઈ-ભાઈ કે બહેન- બહેનનાં મિલન-જુદાઈવાળા 'ભરત-મિલાપ' ટાઈપનાં દ્રશ્યોવાળી સત્યકથાઓ તો ગોડાઉન ભરાઈ જાય એટલી બધી છે. પતિ-પત્ની કે પ્રેમિકાઓના વિરહમાં રડીરડીને કવિ-લેખકોએ એટલા કાગળ કાળા કર્યા છે કે અમને થાય છે કે જગતનાં બધાં જંગલો એ કાગળો બનાવવામાં જ અડધાં થઈ ગયાં હશે. મૃત્યુ પછી પણ એવી જ ઘટના છે જે તરત સૌને રડાવી મૂકે છે. રાજેશ ખન્નાનો આગ્રહ હતો કે ફિલ્મના અંતમાં એમના પાત્રનું મૃત્યુ થાય તો જ ફિલ્મ હિટ થાય (જેમ કે- 'સફર', 'આનંદ', 'નમક હરામ', 'આપ કી કસમ' વગેરે) પછી અમિતાભની 'દિવાર' કે 'મુકદ્દર કા સિકંદર' જેવી ફિલ્મોમાં પણ એવું થવા માંડ્યું.

**એક જમાનામાં મુંબઇમાં કરૂણ ગુજરાતી નાટકોની જાહેરાતોમાં ખાસ લખવામાં આવતું: 'પ્રેક્ષકોએ રૂમાલ સાથે લઇને આવવું!' ત્યારે લોકો પૈસા આપીને પણ રડવા જતા**

આજના અભિનેતામાં સૌથી સશક્ત ઈમોશનલ ચહેરો આમિર ખાનનો છે, અગાઉ ફારુખ શેખ, નસીરુદ્દીન શાહ કે અનિલ કપૂર સરસ રડાવી જાણતા. વળી આજની સીનિયર હીરોઈનોમાં તબ્બુ, કાજોલ કે રાની મુખર્જી સરસ રડાવી શકે છે અને હવેની પેઢીમાં આલિયા ભટ્ટ રડવા-રડાવવામાં માહિર છે, જેના રુદન ફોટાઓનાં તો સોશ્યલ મીડિયામાં અનેક 'મીમ્સ' આજકાલ ફરે છે. હવે જ્યારે 'સાસ-બહુવાળી' ટી.વી. સીરયિલોનો યુગ ચાલે છે ત્યારે જે વહુ કે નાયિકા વધુ રડાવી શકે એની સીરિયલ નક્કી હિટ.. કારણ કે મોટેભાગે એવી સીરિયલો ઈમોશનલ મહિલાઓ જ વધુ જોતી હોય છે. અગાઉ સ્મૃતિ ઈરાની, સાક્ષી તન્વર જેવી અભિનેત્રી બખૂબી રડાવી શકતી. આજે દરેક એપિસોડમાં અનુપમા સીરિયલની અભિનેત્રી રૂપાલી ગાંગુલીના માથે પ્રજાને રડાવવાની જવાબદારી છે અને હા, રૂપાલી ગાંગુલીના નિર્માતા નિર્દેશક પિતા સ્વ. અનિલ ગાંગુલી પણ 'તપસ્યા'(રાખી) કે 'કોરા કાગઝ' (જયા ભાદુરી) જેવી ઈમોશનલ ફિલ્મો દ્વારા પ્રેક્ષકોને ખૂબ રડાવી ચૂક્યા છે. કદાચ આખી ફેમિલીમાં જ રડાવવાની કળા વારસામાં ઊતરી આવતી હશે.

# VVIP કલ્ચર સામે પ્રજાનું બંડ!!



**લાઈફ-ઓન**
★ ફાલ્ગુની આશર

મુંબઈની સડકો પર હજારો વાહનો વચ્ચે ફસાયેલી એક સામાન્ય મહિલા જ્યારે પોતાની કારમાંથી ઉતરીને રસ્તા પર ઉભેલા પોલીસકર્મીઓ અને મંત્રીના કાફલા સામે ગર્જના કરે છે, ત્યારે તે માત્ર એક મહિલા નથી હોતી, તે આ દેશના કરોડો ત્રસ્ત કરદાતાઓનો અવાજ છે. આ મહિલાનો આક્રોશ એ રાજકીય રેલીઓ અને વીવીઆઈપી સંસ્કૃતિના મોહમાં અંધ બનેલા સત્તાધીશોના ગાલ પર એક જોરદાર તમાચો છે.

મુંબઈ જેવા શહેરમાં જ્યાં દરેક સેકન્ડની કિંમત છે, ત્યાં કોઈ મંત્રીની રેલી કે કાફલા માટે કલાકો સુધી ટ્રાફિક રોકી રાખવો એ લોકશાહી નથી, પણ 'ચૂંટાયેલા રાજાઓ'ની સરમુખત્યારશાહી છે. પેલી મહિલાએ વીડિયોમાં પૂછ્યું તેમ, તમારા મંત્રીને જલ્દી પહોંચવું છે, પણ અમારે કામ પર નથી જવાનું? અમારે બાળકોને લેવા નથી જવાનું? આ પ્રશ્ન એ દરેક મુંબઈકરનો છે જે રોજ લોકલ ટ્રેન અને ટ્રાફિકમાં કચડાય છે. રાધર, દરેક એવા દેશવાસીનો છે જેને વગર કારણે વીવીઆઈપી નેતાઓને લીધે ટ્રાફિક સિગ્નલ પર સેકવું પડે છે.

જ્યારે કોઈ નેતાની રેલી નીકળે છે, ત્યારે આખું તંત્ર જાણે તેમના પગ નીચે બિછાઈ જાય છે. પોલીસ જનતાની સેવા કરવાને બદલે નેતાના કાફલાને રસ્તો કરી આપવામાં વ્યસ્ત થઈ જાય છે. સવાલ એ છે કે શું રસ્તાઓ નેતાઓના બાપની જાગીર છે? ટેક્સ જનતા ભરે છે, રસ્તા જનતાના નાણાંથી બને છે, પણ તેનો ઉપયોગ માત્ર સત્તાધીશોની શાન બતાવવા માટે થાય છે.

જનતા કેમ આટલી 'ફ્રસ્ટ્રેટેડ' (હતાશ) છે? તેના કારણો સ્પષ્ટ છે, ભૂતકાળની અને વર્તમાનની ઘટનાઓમાં છુપાયેલા છે.

એમ્બ્યુલન્સ અને મોતના સોદાગરો: અનેકવાર એવા કિસ્સાઓ બન્યા છે જ્યાં કોઈ વીવીઆઈપીના કાફલા માટે રસ્તો રોકવામાં આવ્યો હોય અને પાછળ એમ્બ્યુલન્સમાં દર્દીએ દમ તોડી દીધો હોય. ૨૦૧૭માં દિલ્હીમાં એક એમ્બ્યુલન્સને મંત્રીના કાફલા માટે ૧૦ મિનિટ રોકી રાખવામાં આવી હતી. શું તે મંત્રીની મિનિટોની કિંમત કોઈના જીવન કરતા વધુ છે?

વિદ્યાર્થીઓની પરીક્ષા અને નેતાઓની રેલી: બોર્ડની પરીક્ષા હોય ત્યારે પણ નેતાઓ પોતાની શક્તિ પ્રદર્શન કરવા માટે રેલીઓ યોજે છે. હજારો વિદ્યાર્થીઓ ટ્રાફિકમાં ફસાય છે, તેમનું ભવિષ્ય દાવ પર લાગે છે, પણ નેતાના સ્પીકર પર વાગતા ગીતો અને સૂત્રોચ્ચારોમાં એ બાળકોનો અવાજ દબાઈ જાય છે.

સામાન્ય માણસનું અપમાન: જો કોઈ સામાન્ય નાગરિક ભૂલથી મંત્રીના કાફલાની વચ્ચે આવી જાય, તો પોલીસ તેની સાથે એવો વ્યવહાર કરે છે જાણે તે કોઈ આતંકવાદી હોય. આ 'પોલીસગીરી' માત્ર જનતા માટે જ કેમ? સીધી જ એફઆઈઆર ફાટે છે.

ભારતના બંધારણમાં નેતાઓને 'લોકસેવક' કહેવામાં આવ્યા છે. પણ વાસ્તવમાં તેઓ 'લોકશાસક' જેવો વ્યવહાર કરે છે? મુંબઈની ઘટનામાં મહિલાએ જે હિંમત બતાવી તે દર્શાવે છે કે હવે જનતાની સહનશક્તિની સીમા આવી ગઈ છે. જ્યારે સામાન્ય માણસ મેડિકલ ઈમરજન્સીમાં હોય કે ઓફિસે પહોંચવા માટે મોડું થતું હોય ત્યારે તેને આચારસંહિતા કે નિયમો નડે છે, પણ મંત્રી માટે બધા નિયમો બાજુ પર મૂકી દેવાય છે. સમાજશાસ્ત્રીઓ માને છે કે આ પ્રકારની ઘટનાઓ જનતામાં 'રાજકીય નફરત' પેદા કરે છે. જ્યારે એક માણસ ૧૦ બાય ૧૦ની રૂમમાં રહેતો હોય, ભારે ટેક્સ ભરતો હોય અને છતાં તેને રસ્તા પર સન્માન ન મળે, ત્યારે તે વિસ્ફોટક બની જાય છે. મુંબઈની તે મહિલાનો આક્રોશ એ એવા હજારો લોકોનું પ્રતિનિધિત્વ કરે છે જેઓ દરરોજ ગુંગળામણ અનુભવે છે.

**નેતાઓની ગાડીઓ પરથી લાલ લાઈટો હટી ગઈ, પણ તેમની માનસિકતામાંથી 'લાલ લાઈટ' હજુ ગઈ નથી**

આપણે ગર્વથી કહીએ છીએ કે ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે, પણ શું રસ્તા પર ઉભેલો પેલો સામાન્ય કરદાતા ખરેખર લોકશાહીનો અનુભવ કરે છે? જ્યારે એક મંત્રીનો કાફલો પસાર થવાનો હોય ત્યારે હજારો એન્જિન બંધ કરી દેવામાં આવે છે, લાખો લિટર ઈંધણ ધુમાડો થઈ જાય છે અને હજારો માનવ-કલાકોનો વ્યય થાય છે. મુંબઈની પેલી મહિલાએ જ્યારે મંત્રીના મોઢા પર સવાલો ફેંક્યા, ત્યારે તેણે માત્ર ટ્રાફિકની વાત નહોતી કરી, તેણે એ 'માનસિક ગુલામી' સામે અવાજ ઉઠાવ્યો હતો જે આપણે દાયકાઓથી સ્વીકારી લીધી છે.

નેતાઓની ગાડીઓ પરથી લાલ લાઈટો હટી ગઈ, પણ તેમની માનસિકતામાંથી 'લાલ લાઈટ' હજુ ગઈ નથી. આજે પણ પોલીસ જનતાની રક્ષા કરવાને બદલે નેતાના રસ્તા સાફ કરવા માટે લાઠીઓ ભાજે છે. આ કઈ પ્રકારની વ્યવસ્થા છે જ્યાં 'સેવક' રસ્તા પર રાજાની જેમ ફરે છે અને 'માલિક' (જનતા) ધૂળ ફાકે છે?

જનતા કેમ ફાટી પડી છે? કારણ કે તેને હવે સમજાયું છે કે તેનો ટેક્સ માત્ર રસ્તા બનાવવા માટે નથી વપરાતો, પણ નેતાઓના ઠાઠ-માઠ વધારવા માટે વપરાય છે. એક રેલી પાછળ જે કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે, તે પૈસા જો શહેરના બસ સ્ટેન્ડ કે સરકારી હોસ્પિટલ પાછળ વપરાય તો દેશ ક્યાં પહોંચી જાય? જ્યારે એમ્બ્યુલન્સ ટ્રાફિકમાં ફસાય છે, ત્યારે તે માત્ર ટ્રાફિક જામ નથી, તે તંત્ર દ્વારા કરવામાં આવતી 'પરોક્ષ હત્યા' છે. શું કોઈ મંત્રી પાસે એટલી નૈતિકતા છે કે તે ગાડીમાંથી ઉતરીને એ એમ્બ્યુલન્સને રસ્તો કરી આપે? એક મધ્યમ વર્ગીય માણસ માટે ૧૫ મિનિટનું મોડું એટલે અડધા દિવસનો પગાર કપાવવો. નેતાજી, તમારા માટે સમય કદાચ મનોરંજન હશે, પણ જનતા માટે સમય એટલે 'રોટલો' છે.

મુંબઈની આ ઘટનામાં સૌથી શરમજનક બાબત એ હતી કે પોલીસ પેલી મહિલાને શાંત પાડવાનો પ્રયાસ કરી રહી હતી, જાણે ગુનો એણે કર્યો હોય! ગુનેગાર એ નેતા છે જેણે જાહેર રસ્તાને પોતાની મિલકત સમજી લીધી છે. વિદેશોમાં વડાપ્રધાન સાયકલ પર ઓફિસ જાય તો આપણે તાળીઓ પાડીએ છીએ, પણ ભારતમાં જો એક ધારાસભ્યની ગાડી રસ્તા પર ઉભી ન રહે તો તેને અપમાન લાગે છે. આ 'ઈગો' (અહંકાર) જ ભારતની પ્રગતિમાં સૌથી મોટો અવરોધ છે.

આપણે શું બદલવું પડશે? :આ સ્થિતિને સુધારવા માટે હવે કાગળ પરની વાતો નહીં, પણ કડક અમલવારીની જરૂર છે. મંત્રીના કાફલામાં ગાડીઓની સંખ્યા મર્યાદિત હોવી જોઈએ. ૧૫-૨૦ ગાડીઓનો કાફલો એ સુરક્ષા નથી, પણ શક્તિ પ્રદર્શન છે. જો વિદેશના વડાપ્રધાનો મેટ્રો કે બસમાં મુસાફરી કરી શકતા હોય, તો ભારતના મંત્રીઓ કેમ નહીં? ગમે તેટલો મોટો નેતા હોય, એમ્બ્યુલન્સ કે ઈમરજન્સી વાહનોને રોકવા એ ગુનો ગણાવો જોઈએ અને જવાબદાર પોલીસકર્મી પર કાર્યવાહી થવી જોઈએ. આપણા પ્રધાનમંત્રી જો ઍમ્બ્યુલન્સ માટે તેમનો કાફલો રોકી દેતા હોઈ તો એક તુચ્છ નેતા સેની વાયડાઈ કરે? વ્યસ્ત કલાકો દરમિયાન અને મુખ્ય રસ્તાઓ પર રાજકીય રેલીઓ યોજવા પર કાયમી પ્રતિબંધ હોવો જોઈએ.

મુંબઈની પેલી મહિલાએ જે વીડિયોમાં સત્તાધીશોના લગર-બગર ઉતાર્યા છે, તે દરેક નાગરિક માટે ગર્વની વાત છે. સત્તાના નશામાં ચૂર નેતાઓએ યાદ રાખવું જોઈએ કે આ જે રસ્તાઓ પર તેઓ લાલ લાઈટ ફેરવે છે, તે રસ્તાઓ પર તેમને વોટ માગવા પણ આવવું પડે છે. જો નેતાઓ જનતાના રસ્તાઓ રોકશે, તો જનતા તેમના સત્તાના રસ્તાઓ રોકી દેશે. મુંબઈની આ ઘટના એ 'વેક-અપ કોલ' છે. ટેક્સના નાણાંથી એશોઆરામ ભોગવતા નેતાઓએ હવે જમીન પર ઉતરવું પડશે, બાકી જનતા હવે તેમને રસ્તા પર જ ઉતારવા માટે તૈયાર છે.

નેતાજી, યાદ રાખજો... તમારી ગાડીના સાયરન કરતા જનતાની ચીસ વધુ જોરદાર હોય છે.

જે દિવસે આ ચીસ ગર્જનામાં બદલાશે, તે દિવસે તમારા કાફલાને રસ્તો નહીં મળે! મુંબઈની ટ્રાફિક જામની ઘટનાના માધ્યમથી ભારતીય રાજકારણમાં પ્રવર્તતી VVIP સંસ્કૃતિ પર આકરા પ્રહાર કરે છે. તે દર્શાવે છે કે કેવી રીતે સામાન્ય માણસના પાયાના અધિકારો અને સમયની કિંમત નેતાઓના પ્રદર્શન હેઠળ દબાઈ જાય છે. લેખમાં એમ્બ્યુલન્સ અને વિદ્યાર્થીઓના ઉદાહરણો દ્વારા જનતાની ફ્રસ્ટ્રેશનને વાચા આપવામાં આવી છે અને તંત્રને સુધારવા માટે કડક સૂચનો આપવામાં આવ્યા છે.

# નિશ્ચિત - અનિશ્ચિતનો સમન્વય



**આંખની અટારી**
★ હેમુ ભીખુ

બધું જ બદલાયા કરે છે, પરિવર્તન પામે છે. કોઈ પણ પરિસ્થિતિ જેમની તેમ કાયમ માટે રહેતી નથી. પરિવર્તન એ સૃષ્ટિનો નિયમ છે, બધું જ બદલાય છે પણ બદલાવનો આ નિયમ નથી બદલાતો. બધું જ અનિશ્ચિત છે. કાલે શું થશે તે વિશે કોઈ ખાતરી નથી. કોઈ કાર્યનું પરિણામ અમુક રીતનું જ આવશે તેમ ખાતરીપૂર્વક કહી ન શકાય. દરેક તત્વોની ક્ષમતા, ઉપયોગીતા, તેમાં છુપાયેલી સંભાવના, તેનાથી શક્ય બનનારું પરિણામ તથા સમગ્રતામાં તેની યથાર્થતા બાબતે ચોક્કસપણે, નિશ્ચિતપણે કશું જ ન કહી શકાય. અનિશ્ચિતતા જ નિશ્ચિત છે.

કાલે સવારે સૂર્ય પૂર્વમાં જ ઉગતો જણાશે, પણ આ બાબત ત્યાં સુધી જ જ્યાં સુધી આ સૂર્યમંડળનું અસ્તિત્વ આ જ સ્થિતિમાં જળવાયેલું હશે. અમુક બાબતો લાંબા સમયે બદલાવ પામે છે જ્યારે અમુક બાબતો ક્ષણભરમાં બદલાઈ જાય છે. બદલાવ કાયમી છે. અમુક બાબતો એક સાથે સંપૂર્ણતામાં બદલાઈ જાય તો અમુક બાબતો ક્રમશઃ બદલાતી રહે. અમુક બાબતોનું સ્વરૂપ બદલાય તો અમુક બાબતોના ગુણધર્મ. અમુક બાબતોનો બદલાવ આકસ્મિક હોય તો અમુક બદલાવ વ્યવસ્થિત વ્યવસ્થાના ભાગરૂપે હોય. કેટલીક બાબતો ઉપરછલ્લી બદલાય તો કેટલીક બાબતો મૂળમાંથી ફેરબદલ પામે. બદલાવના આવા કેટલાક સિદ્ધાંતમાં બદલાવ નથી આવતો.

પરિવર્તન નિયમબદ્ધ છે. પરિવર્તન ચોક્કસ પરિસ્થિતિમાં ચોક્કસ પરિબળને આધારિત હોય છે. પરિવર્તન પાછળ કારણભૂત સિદ્ધાંત છુપાયેલો હોય છે જે સૃષ્ટિનું સમીકરણ જાળવી રાખવામાં મદદરૂપ બને છે. પરિવર્તન નિયમબદ્ધ હોવા સાથે તેમાં એક પ્રકારની ગૂઢતા સમાયેલી હોય છે. આ પ્રકારના નિયમનો વ્યાપ પણ અતિ વિસ્તૃત હોય છે. એમ જણાય છે કે પરિવર્તનના સિદ્ધાંતો અપરિવર્તનશીલ હોય છે, પણ તે બધું સંપૂર્ણતામાં કદાચ જાણમાં આવતું જ નથી. સૃષ્ટિનો વ્યાપ અને તેની વિવિધતા જોતા એમ જણાય છે કે આ નિયમો યથાર્થ સ્વરૂપે સમગ્રતામાં જાણમાં આવશે પણ નહીં.

અમુક પ્રકારના બીજથી અમુક ગુણવત્તાવાળું ફળ મળશે જ તેવું ચોક્કસપણે ક્યારેય ન કહી શકાય. ઘણા પરિબળો એક સાથે કાર્યરત રહે છે. જમીનનો પ્રકાર, ખાતર દ્વારા કરાતી ચોક્કસ પ્રકારની પૂર્તિ, અમુક પ્રકારની પરિસ્થિતિમાં અમુક પ્રકારની દવાઓનો ઉપયોગ, પાણી પૂરું પાડવાની વ્યવસ્થા, આબોહવાના કેટલાક પરિબળો, માવજતનો પ્રકાર તથા વૃક્ષ પ્રત્યેનો પ્રેમ જેવી બાબતો ફળની ગુણવત્તાને નિર્ધારિત કરતી હોય છે. કોઈ પણ પ્રકારના "બીજ" અને જેનાથી મળનારા સંભવિત "ફળ"નું સમીકરણ એક જ પ્રકારનું નથી હોતું. આ અચોક્કસતા જ ચોક્કસ બાબત છે.

આ નિયમો હોય છે અને તેમાં અપવાદ પણ હોય છે. આ અપવાદના પણ નિયમો છે અને નિયમોમાં પણ અપવાદ છે. અપવાદ અપવાદ તરીકે ત્યારે જ પ્રતિત થાય જ્યારે નિયમની વ્યાખ્યામાં ચોક્કસ પ્રકારની સ્થિતિનો સમાવેશ ન થઈ શક્યો હોય. વિશેષ દ્રષ્ટિથી જોતા જણાશે કે અપવાદનું અસ્તિત્વ જ નથી હોતું, માત્ર નિયમના સ્થાપિત બંધારણમાં શરતચૂક રહી ગઈ હોય છે. નિયમનો વ્યાપ જ્યારે સંકુચિત રહે ત્યારે અપવાદની સંભાવના ઊભી થાય. સામાન્ય સંજોગોમાં તારણ સ્થાપિત થઈ શકે તે માટે નિયમના વ્યાપની સંકુચિતતા જરૂરી પણ છે. એમ કહી શકાય કે નિયમ તો નિયમ છે જ પણ અપવાદ પણ નિયમ છે. ક્યારેક એમ પણ જણાય છે કે આ નિયમ તથા તેમાં સમાયેલા નિયમબદ્ધ અપવાદ કાયમી નથી. આ સમગ્ર સ્વરૂપ સમયાંતરે બદલાતું રહે છે. સૃષ્ટિના મૂળ સિદ્ધાંતો જળવાઈ રહેતા હોય તેમ પ્રતિત થાય છે, પણ ક્યાંક તેમાં પણ બદલાવ આવતો રહે છે. બદલાવ જરૂરી પણ છે અને સત્ય પણ છે.

**સ્વયં શ્રીકૃષ્ણએ ગીતામાં કહ્યું હોય કે સત્ય પણ હું છું અને અસત્ય પણ હું જ છું, મૃત્યુ પણ છું અને હું જ અમૃત છું - ક્યારે નિશ્ચિત અનિશ્ચિત જેવી વિરોધી જણાતી બાબતો માટે વધુ પડતાં ચિંતનથી કોઈ તારણ આવવાની સંભાવના દેખાતી નથી**

ઘણા પરિબળો એક સાથે કાર્યરત રહે છે. જે તે પરિસ્થિતિ છે અને જે તે પરિણામ ઉભરે છે તેની પાછળ અસંખ્ય કારણો કારણભૂત હોય છે. અહીંનું સમીકરણ બે તત્વ વચ્ચેનું નથી, અહીં એક તત્વ પર દરેક તત્વ અસર કરે છે અને દરેક તત્વની પરસ્પરની અસરને કારણે જે જટિલતા ઊભી થાય છે તેને કારણે દ્રઢતાથી કશું જ સ્થાપિત કરી શકાતું નથી. સૃષ્ટિનું સમીકરણ સમજવું અઘરું છે. મજાની વાત એ છે કે સૃષ્ટિનું સમીકરણ સમજવું અઘરું છે એ બાબત સમજવી સહેલી છે.

અહીં કોઈ એક બાબત નક્કી કરી શકાતી નથી. અનિશ્ચિતતા કે નિશ્ચિતતા વચ્ચેની પસંદગીમાં બંનેનો સમાવેશ થઈ જાય છે. બદલાવ અને સાતત્યમાં બંનેના સમન્વય જેવી પરિસ્થિતિ ઉભરે છે. જે છે એ તો છે જ પણ જે નથી તે પણ છે. એમ જણાય છે કે નિશ્ચિત કે અનિશ્ચિત, સત્ય કે અસત્ય, જીવન કે મૃત્યુ જેવી બાબતોને જે તે સીમિત પરિપ્રેક્ષ્યમાં જોઈ, તે સમય પૂરતું તારણ કાઢી આગળ વધી જવું જોઈએ. જ્યાં સ્વયં શ્રીકૃષ્ણએ ગીતામાં કહ્યું હોય કે સત્ય પણ હું છું અને અસત્ય પણ હું જ છું, મૃત્યુ પણ છું અને હું જ અમૃત છું - ક્યારે નિશ્ચિત અનિશ્ચિત જેવી વિરોધી જણાતી બાબતો માટે વધુ પડતાં ચિંતનથી કોઈ તારણ આવવાની સંભાવના દેખાતી નથી.

વિચાર જરૂરી છે, ચિંતન જરૂરી છે અને નિર્ણયાત્મક બુદ્ધિનો ઉપયોગ જરૂરી છે. વિવિધ પરિસ્થિતિ વચ્ચેનો ભેદ પણ જાણવો જોઈએ, તે ભેદ પાછળના કારણો સમજવા જોઈએ અને તેનાથી સંભવિત પરિણામમાં આવનાર બદલાવ પણ સમજવો જોઈએ. પણ આ બધી બાબતોમાં અટવાઈ જવાની જરૂર નથી. જ્યારે જે યોગ્ય જણાય, જ્યારે જે યથાર્થ લાગે, જ્યારે જે માટે જે પ્રકારનો પુરુષાર્થ જાગે ત્યારે તેની નિશ્ચિતતા કે અનિશ્ચિતતા બાબતે ચિંતા કર્યા વગર આગળ વધી જવું. કારણ કે જેમ અનિશ્ચિત નિશ્ચિત છે તેમ નિશ્ચિત પણ નિશ્ચિત છે જ.